**કૃપાકરી પ્રસિધ્ધિ માટે** **૨૮ જૂલાઈ ૨૦૧૧**

## તારાપૂર અણૂઉર્જા પ્રકલ્પના પીડિતો નો પ્રશ્ન હવે ઉચ્ચ ન્યાયાલયની એરણે

**મુંબઈ,ગુરૂવાર :** "તારાપૂર અણૂઉર્જા પ્રકલ્પ પીડિતો નો પ્રશ્ન હવે આગળ વધૂ ન રખડવો જોઈએ, હવે આવતી તારીખે સઘળી માહિતી તૈયાર રાખો" આમુજબનો આદેશ ન્યુકલીયર પાવર કૉર્પોરેશન અને મહારાષ્ટ્ર સરકારને મુંબઈ ઉચ્ચ ન્યાયાલયના ખંડપીઠના ન્યાયમૂર્તી શ્રીમતી રંજના દેસાઈ અને ન્યાયમૂર્તી શ્રી રણજીત મોરે એ આજે આપ્યો. આ માહિતી પ્રકલ્પપીડિતો ની રીટ અર્જી માં સહભાગી થયેલા માજી પેટ્રોલિયમ પ્રધાન શ્રી રામનાઈકે આપી હતી.

આ અંગે વધૂ માહિતી આપતાં શ્રી રામ નાઈકે કહ્યું હતું કે " ૧૦૮૦ મૅગાવૅટ નો તારાપૂર પ્રકલ્પ ૩ અને૪ કાર્યાન્વિત થયે ૫ વર્ષ નો સમયગાળો વીતી ગયો છે, છતાંયે તારાપૂર પ્રકલ્પ પીડિતોના પ્રશ્નો નો નિવેડો હજૂ સૂધી આવ્યો નથી. આ પ્રશ્નો અંગેની રીટ યાચિકા ૨૦૦૪ માં દાખલ થઈ હોવાથી અમૂક પ્રશ્નો નું નિરાકારણ થયું છે, પણ હજૂ ઘણાં પ્રશ્નો પ્રલંબિત છે.આયાચિકા પર પાછલું દોઢ વર્ષ સૂનાવણી થઇ ન હતી માટે વહેલીતકે સૂનાવણી થાય તેવી વિનંતી અર્જી મેં ખંડપીઠ સમક્ષ કરી હતી. તેના કારણે આજે સૂનાવણી થઈ છે. સૂનાવણી દરમ્યાન માછીમારો ને હાલ સૂધી વ્યવસાય માટે દરિયાકાંઠાની જમીન આપવામાં આવી નથી, તક્રાર નિવારણ સમિતી ના નિર્ણયો ની મહારાષ્ટ્ર સરકાર અમલ બજાવણી કરતી નથી, અને કેંદ્ર સરકાર ના પુનર્વસન ધોરણ મારફત મળનારા ફાયદાઓ હાલ સૂધી આપવામાં આવ્યા નથી, આ પ્રમાણે નાં મુદ્દાઓ મેં રજૂ કર્યા એ સિવ્વાય પ્રકલ્પ પીડિતો ના ઘરો, અપૂરતી નાગરી સગવડો અને મુદ્દાઓ પ્રકલ્પ પીડિત સમિતી ની વતી ઍડ. રાજીવ પાટીલે રજૂ કર્યા. તેમજ આ પ્રકરણ નો વહેલામાં વહેલી તકે ઉકેલ આવે તેવી વિનંતી પણ કરી હતી."

ન્યુકિલયર પૉવર કોર્પોરેશન ના વતી ઍડ.લોપા મુનીમ એ દલીલો કરી હતી. ત્યારબાદ "પ્રકલ્પપીડિતો નું ખરા અર્થ માં પુર્નવસન થવું જોઈએ, તેમજ સવિસ્તર માહિતી લઈ આવતી તારીખ પર આવો " તેવો આદેશ ખંડપીઠે આપ્યો હતો. આવેળાંએ થાણા જીલ્હા પુનર્વસન અધિકારી શ્રીમતી વૈદેહી રાનડે હાજર હતાં. આગામી સુનાવણી તા. ૧૧ ઑગષ્ટે રાખવામાં આવેલ છે.

**(કાર્યાલય સચિવ)**